# શ્રુતોપાસક શ્રાવકો

છેલ્લા ૧૫૦ વર્ષમાં શ્રાવકોએ કરેલ શ્રુત-સેવાની પ્રસ્તુતિ

# શ્રુતોપાસક શ્રાવકો

::: માર્ગદર્શન :::

પરમ પૂજ્ય તપાગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)ના શિષ્યરત્ન
આચાર્ય શ્રી જગચ્ચંદ્રસૂરિ મ.સા.

::: માહિતી સહાય :::

સેવંતિભાઈ અમથાલાલ મહેતા
બાબુભાઈ સરેમલ બેડાવાલા
આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ  જ્ઞાનમંદિર, કોબા
આચાર્ય શ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર, સુરત.
આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા, અમદાવાદ

::: પ્રસ્તુતિ :::

શ્રી ગોવાલિયા ટૅંક જૈન સંઘ, મુંબઈ

::: સ્લાઈડ્સ :::

પારસ શાહ, સુરત.

# ‘વિષમકાળ જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા’

વિષમ એવા આ પાંચમાં આરામાં ભવ્યજીવોને કોઈ આધાર હોય તો તે છે જિનબિંબ અને જિનાગમ. તેમાં પણ જિનાગમ એ સૌથી મોટો આધાર છે. કારણકે આગમ એ જ શાસન વ્યવસ્થાનું મૂળ છે.

આ આગમ-શ્રુત સંપત્તિને સુરક્ષિત રાખવા માટે છેલ્લા ૨૫૦૦ વર્ષમાં થયેલા અનેકાનેક મહાપુરૂષોએ પોતાનું યોગદાન આપ્યું છે. શ્રુત સંરક્ષણના હેતુથી જ ભૂતકાળમાં સાત સાત વાર વાચનાઓ યોજાઈ હતી.

નૂતન શ્રુત સર્જન માટે પણ અનેક પૂર્વાચાર્યો-સ્થવિરો-શ્રુતપ્રભાવક પુરૂષોએ પોતાની શકિત ખર્ચી છે, અને આપણને આગમોના સારનું દોહન કરી નવા નવા ગ્રંથો ભેટ આપ્યા છે.


આ પ્રમાણે શ્રુતસાહિત્યના સંરક્ષણ માટે અને નૂતન સાહિત્યના સર્જન માટે પૂજ્ય ગુરૂભગવંતોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું જ છે અને તેના આધારે જ કદાચ શાસન ટકયું છે. પણ શ્રુતસાહિત્ય જેમ ગુરૂભગવંતોને ઉપકારક છે, તેમ શ્રાવકોને પણ ઉપકારક છે. તો શું શ્રાવકોએ પણ શ્રુતસાહિત્યના સંરક્ષણ, સંવર્ધન, સંપાદન, પ્રકાશનક્ષેત્રે પોતાનું યોગદાન આપ્યું છે ?

આપણને કદાચ આશ્ચર્ય થશે પરંતુ તે હકીકત છે કે શ્રુતસાહિત્યના સંરક્ષણ, સંવર્ધન માટે શ્રાવકોએ પોતાનો બહુમૂલ્ય ફાળો આપ્યો છે. પણ જોઈએ તેટલી તેની નોંધ લેવાતી નથી. છેલ્લા ૧૫૦ વર્ષમાં શ્રાવકોએ શ્રુતક્ષેત્રે પોતાનું કેટલું યોગદાન આપ્યું છે તેની જાણકારી અહીં છ વિભાગોમાં પ્રસ્તુત કરવામાં આવી છે.

જો કે દરેક વિદ્વાનોએ અલગ અલગ અનેક વિષયોના સાહિત્યનું સંપાદન-સર્જન કર્યું છે. તેમ છતાં સુવિધાની દ્રષ્ટિએ અહીં તેમને કોઈક ચોક્કસ વિભાગમાં સમાવ્યા છે.


શ્રુતક્ષેત્રે યોગદાન આપનાર શ્રાવકોની સૂચિ તો ઘણી લાંબી છે. પણ દરેકનો પરિચય અહીં સમાવી શકાયો નથી. પણ એટલું ચોક્કસ છે કે અહીં જે થોડી ઘણી પ્રસ્તુતિ કરવામાં આવી છે તેની આપણે ગંભીરતાથી નોંધ લઈશું તો શ્રુતસંબંધી આપણા કર્તવ્યને યત્કિંચિત સમજી શકીશું.

ચાલો...આગળ વધીએ.



# પ્રારંભિક મુદ્રણ યુગ

વિક્રમ સંવત ૧૯૧૮/૧૯૨૦ થી શરૂ થતો આ સમય અંગ્રેજ શાસનની શાંતિનો અને પ્રિન્ટીંગ ટેકનોલોજીના ઉદયનો છે. આ જ સમયે આપણને કેટલાક અભ્યાસી, શાસનહિતચિંતક, ક્રાંતિકારી વિચારોના ધણી અને સાહસિક પંડિતરત્નો પ્રાપ્ત થયા. તેમાં કચ્છમાંથી ભીમશી માણક, જામનગરથી હિરાલાલ હંસરાજ, ભાવનગરથી કુંવરજી આણંદજી, ભરૂચથી અનુપચંદ મલુકચંદ અને પશ્ચિમ બંગાળથી બાબુ ધનપતસિંહ જેવા શ્રાવક રત્નો મુખ્ય છે. આ પાંચ પંડિતરત્ન શ્રાવકોએ એકલે હાથે જે કાર્ય કર્યુ છે તેની કોઈ તુલના થઈ શકે તેમ નથી. આપણને આજે જે વિશાળ અને સમૃદ્ધ સાહિત્યનું ગૌરવ લઈ શકીએ છીએ તેના પાયામાં આ શ્રાવક પંડિતરત્નો છે.



# પ્રારંભિક મુદ્રણ યુગ


## ૧. ભીમશી માણક

કચ્છ મંજલ રેલડીયાના આ શ્રાવક વિવિધ શાસ્ત્રોના ઉંડા અભ્યાસી હતા. સંવત ૧૯૨૧માં તેમણે કેશવજી નામના એક સમજુ શ્રાવકને ભારતભરમાં ફરી હસ્તલિખિત પ્રતો ખરીદવા મોકલ્યો. રૂા. ૧૦,૦૦૦થી વધુ ખર્ચી કેશવજી એક વર્ષ બાદ પરત આવ્યો. ત્યારબાદ ભીમશી માણકે ૧૪૫ વર્ષ પહેલા રૂા. ૧૦,૦૦૦ના ખર્ચે 'પ્રકરણ રત્નાકર' ગ્રંથના ચાર ભાગ પ્રગટ કરવાની યોજના બનાવી. પ્રથમ ભાગ સં. ૧૯૩૨માં પ્રગટ કર્યો. ચોથો ભાગ ૧૯૩૭ માં છપાયો. આમ 'પ્રકરણ રત્નાકર' ના ચાર ભાગ પ્રગટ કરવા માટે તેમણે ૭ વર્ષથી વધુ સમય મહેનત કરી. આ ગ્રંથના સંપાદક અને પ્રકાશક ભીમશી માણેક પોતે હતા. કોઈ જ મુનિના માર્ગદર્શન વિના જૈન દર્શનનો સૌ પ્રથમ છપાયેલ ગ્રંથ આપણને આ રીતે મળ્યા. આ કામ થયું ત્યારે પુસ્તક છાપવાથી આશાતના થાય છે તેવો વિચાર સાધુ અને શ્રાવક સંસ્થામાં દ્રઢ હતો. એ વિરોધી વિચારોની વચ્ચે રહીને ભીમશી માણકે આ કાર્યનો પ્રારંભ કર્યો હતો. તેમણે લગભગ ૧૫૦ થી વધુ ગ્રંથો સંપાદિત-પ્રકાશિત કર્યા હતા.

તેમાંના કેટલાક મહત્વપૂર્ણ ગ્રંથો આ પ્રમાણે છે.

| | |
|---|---|
| પ્રકરણ રત્નાકર ભાગ ૧-૪ | ઉપદેશ તરંગિણી |
| જૈન કથા રત્નકોશ ભાગ ૧-૭ | હરિબલ મચ્છીરાસ |
| જૈન કાવ્ય પ્રકાશ | કયવન્ના શાહનો રાસ |
| વૈરાગ્ય કલ્પલતા | અઢી દ્વીપના નકશાની હકીકતનું પુસ્તક |

આનંદઘનજી અને ચિદાનંદજીના આધ્યાત્મિક પદો




# પ્રારંભિક મુદ્રણ યુગ

## ૨. હીરાલાલ હંસરાજ

જામનગરના શ્રી હીરાલાલ તે સમયના પ્રકાંડ પંડિત અને સંશોધક હતા. તેઓએ સંપાદિત અને પ્રકાશિત કરેલ કૃતિઓની સંખ્યા સેંકડોમાં છે. તે સાથે તેમની સ્વતંત્ર સર્જિત કૃતિઓ પણ અનેક છે. 'જૈન ધર્મનો પ્રાચીન ઈતિહાસ ભાગ ૧-૨', 'જૈન ગોત્ર સંગ્રહ', 'વિજયાનંદભ્યુદય કાવ્ય' વગેરે તેમની રચનાઓ છે. આ ઉપરાંત જેસલમેરના જ્ઞાનભંડારની પ્રતોનું સૂચિ પત્ર બનાવવાનું ભગીરથ કાર્ય તેમના દ્વારા પ્રારંભાયું હતું. તેના પરિણામે 'જૈન ગ્રંથાવલી' આપણને મળી અને આપણને આપણા સમૃદ્ધ જ્ઞાનભંડારોમાં સચવાયેલા જ્ઞાનવારસાનો ખ્યાલ આવ્યો.

તેમણે સંપાદિત પ્રકાશિત કરેલા મુખ્ય ગ્રંથોના નામ નીચે પ્રમાણે છે.


- પ્રવચન સારોદ્ધાર
- સિદ્ધાંત સ્વાધ્યાયમાલા
- શોભનકૃત જિનસ્તુતિ
- ષષ્ઠિશતકમ્ (સાનુવાદ)
- હરિભદ્રસૂરિકૃત અષ્ટકપ્રકરણ
- મુનિપતિચરિત્રમ્
- નામાંકરાજચરિત્રમ્
- ઉત્તમકુમાર ચરિત્રમ્
- સુકિત મુકતાવલી
- સાધુ દિન કૃત્ય
- જૈન ધર્મનો પ્રાચીન ઈતિહાસ ૧-૨
- વિજયાનંદભ્યુદયકાવ્યમ્






# ૩. કુંવરજી આણંદજી

જ્ઞાન પ્રસારની પ્રવૃત્તિઓ અને જૈન સાહિત્યના પ્રકાશનની દ્રષ્ટિએ ભાવનગર ખૂબ જ પ્રતિષ્ઠિત નગર ગણાયું છે. તેનો પ્રારંભ કુંવરજી આણંદજીને કારણે છે. તે સમયના જૈન સમાજ-શાસનને જ્ઞાન પિપાસુ બનાવવામાં કુંવરજી આણંદજીની મુખ્ય ભૂમિકા રહી છે. તેમણે અનેક ગ્રંથોનું સંપાદન પ્રકાશન કર્યુ છે. તેમણે ‘સાદા અને સરળ પ્રશ્નોત્તર ભાગ ૧-૨’, ‘ઉપદેશ પ્રાસાદ ભાગ ૧-૫’, ‘ઉપધાનવિધિ’ વગેરે પ્રારંભિક સમજના પુસ્તકો છપાવીને સંઘને ઉપલબ્ધ કરાવ્યા હતા. તેમણે ‘ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર’ નો ગુજરાતીમાં અનુવાદ કરીને પ્રકાશિત કરાવ્યો હતા.



# ૪. રાવબહાદુર ધનપતસિંહજી

રાવબહાદુર ધનપતસિંહજી એટલે પાલીતાણામાં આવેલ બાબુના દેરાસરના નિર્માતા. સમેતશિખરતીર્થની વર્તમાન પેઢીના સ્થાપક પણ તેઓ જ છે. પશ્ચિમ બંગાળમાં આવેલ અજીમગંજના તીર્થ સમાન જિનાલયો તે રાવબહાદુર ધનપતસિંહજી અને તેમના વંશજોનું સર્જન છે. તેઓ પૂર્વભારતના એક મહાન શ્રાવક હતા. તેમનો રાજકીય પ્રભાવ પણ ઘણો હતો. અને અંગ્રેજો પણ તેમની પાસેથી લોન લેતા હતા. આવા આ શ્રાવક ધનપતસિંહજીએ ૧૯૩૩માં સર્વપ્રથમવાર આગમસૂત્રોનું મુદ્રણકાર્ય પ્રારંભ્યું. જે કોઈ હસ્તપ્રતો મળી તેના આધારે આ બધા સંપાદનો થયા. પાછળથી અનેક અશુદ્ધિની ફરિયાદો થઈ. પરંતુ કોઈ પણ મુનિભગવંતની સહાય વિના સંપૂર્ણ સ્વદ્રવ્યથી તેમણે આગમ પ્રકાશનનું ઐતિહાસિક કાર્ય કરી બતાવ્યું તે ખૂબ જ મહત્વપૂર્ણ ઘટના છે. તેમણે આ પદ્ધતિથી પિસ્તાલીશ આગમો મુદ્રિત કરાવીને જૈન સમાજને ઉપલબ્ધ કરાવ્યા હતા.





# ૫. શેઠ અનુપચંદ મલુકચંદ

શેઠ અનુપચંદ મલુકચંદ ભરૂચના નિવાસી હતા. તેઓ જૈન શાસ્ત્રોના પ્રકાંડ અભ્યાસી હતા. તેમણે જૈન સમાજમાં એક વિદ્વાન શ્રાવક તરીકેની પ્રતિભા ઉભી કરી હતી. તેમણે ભરૂચમાં સ્વદ્રવ્યથી જિનાલય પણ બંધાવ્યું હતું. તથા અંત સમયે તેમણે શત્રુંજય ઉપર ઈચ્છા મૃત્યુ પ્રાપ્ત કર્યુ હતું. આવા ઉત્તમ શ્રાવકરત્ન અનુપચંદ મલુકચંદે આચાર્ય સિદ્ધિસૂરિ મહારાજને (તે વખતે મુનિ સિદ્ધિવિજયજીને) આગમની વાચનાઓ-પાઠો આપ્યા હતા. તેમણે રચેલા ગ્રંથોમાં ‘પ્રશ્નોત્તર રત્ન ચિંતામણી’ અને ‘૧૮ દૂષણ નિવારણ’ વગેરે ગ્રંથો મુખ્ય છે.



# પ્રારંભિક વિદ્યાભ્યાસ માટે જરૂરી સાહિત્યનું સર્જન

કોઈપણ ધર્મ-દર્શનનો ઉંડાણથી અભ્યાસ કરવા માટે તે તે ધર્મ કે દર્શનના પ્રારંભિક પાયાના પુસ્તકોનો અભ્યાસ સૌ પ્રથમ કરવો પડે. જૈન દર્શનના પ્રારંભિક વિદ્યાભ્યાસ માટેના સાહિત્યનું સર્જન કરવામાં શ્રાવકોની શું ભૂમિકા રહી છે તે હવે જાણો.





# ૧. શ્રી પુખરાજજી અમીચંદ

પંડિતવર્ય શ્રી પુખરાજજી 'યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા'-મહેસાણાના આદ્ય અધ્યાપક હતા. તેમણે પ્રારંભિક અભ્યાસ માટે જરૂરી પુસ્તકોમાં 'સમાસ સુબોધિકા', 'પંચસંગ્રહ-ખંડ-૧-૨' નું સંપાદન કર્યુ હતું. આ સિવાય 'યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા' દ્વારા પ્રકાશિત થયેલા સાહિત્ય પાછળ તેમનું ઘણું યોગદાન રહેલું છે.




# ૨. શિવલાલ નેમચંદ શાહ

પાટણ નિવાસી પંડિતવર્ય શ્રી શિવલાલ નેમચંદ શાહ 'યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા'માંથી ભણીને તૈયાર થયા હતા. તેમણે આજીવન સાધુ-સાધ્વીજી ભગવંતો, મુમુક્ષુઓ, અને જિજ્ઞાસુ શ્રાવકોને જૈન તત્વજ્ઞાનનો અભ્યાસ કરાવવા દ્વારા શાસનની અભૂતપૂર્વ સેવા કરી હતી. તેમણે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા માટે 'હેમ સંસ્કૃત પ્રવેશિકા' (સંસ્કૃત બુક)નું ત્રણ ભાગમાં સર્જન કર્યુ હતું. તેના અભ્યાસથી સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કરવામાં ખૂબ સરળતા પડે છે. અને તેમણે 'હેમ સંસ્કૃત પ્રવેશિકા'ની રચના કરી ત્યાર બાદ પ્રાયઃ એવો ક્રમ બની ગયો છે કે તેમની બે બુકનો અભ્યાસ કરાવ્યા પછી જ વ્યાકરણનો અભ્યાસ કરાવવામાં આવે છે. તેમણે 'હેમ સંસ્કૃત પ્રવેશિકા'ની ગાઈડ તથા 'હેમ સંસ્કૃત પ્રવેશિકા-નિયમાવલી', 'સિદ્ધ હેમ સારાંશ' વગેરે પુસ્તકોની રચના પણ કરી હતી. આ રીતે તેમણે સંસ્કૃત ભાષાના અભ્યાસ ક્ષેત્રે પોતાનું અપૂર્વ યોગદાન આપ્યું છે.





# ૩. પંડિત શ્રી સુખલાલજી



પંડિતવર્ય શ્રી સુખલાલજી પ્રજ્ઞાચક્ષુ હતા. તેમ છતાં તેમણે પોતાની ધગશ અને ઉત્કટ જિજ્ઞાસાના બળે બનારસ જઈ જૈન તત્વજ્ઞાનનું ઉંડુ જ્ઞાન મેળવ્યું હતું. તેમણે સંપૂર્ણ જીવન જૈન તત્વજ્ઞાનની સેવામાં ગાળ્યું હતું. વિદેશ સુધી જૈન તત્વજ્ઞાનનો પ્રસાર કરવાનું શ્રેય તેમને જાય છે. જૈન તત્વજ્ઞાન વિશે ઉંડાણથી વિશ્વને સમજ આપનારાઓમાં તેઓ સર્વપ્રથમ હતા. તેમણે અનેક જૈન ગ્રંથોનું સંપાદન કર્યુ છે. જૈન દર્શનનો સૌપ્રથમ સંસ્કૃત ગ્રંથ- જે જૈનોના ચારે ફિરકાઓમાં સર્વ માન્ય છે- તે તત્વાર્થસૂત્રનો સર્વ પ્રથમ અનુવાદ સુખલાલજી એ કર્યો હતો. જૈન ન્યાયમાં પ્રવેશ કરવા માટે આધારભૂત ગ્રંથ ‘જૈન તર્કભાષા’નું પણ તેમણે સંપાદન કર્યુ હતું. આ સિવાય ‘સન્મતિ પ્રકરણ, ‘જ્ઞાનબિંદુ’, ‘હેતુબિન્દુટીકા’, ‘પ્રમાણ મીમાંસા’ વગેરે સંસ્કૃત ગ્રંથોની સાથે ગુજરાતી / હિન્દી ભાષામાં ‘ભારતીય તત્વ વિદ્યા’, ‘દર્શન અને ચિંતન’, ‘જૈન ધર્મનો પ્રાણ’, ‘ચાર તીર્થંકર’ વગેરે અમૂલ્ય પુસ્તકો આપણને આપ્યા છે.



# ૪ પ્રભુદાસ બેચરદાસ પારેખ

પ્રભુદાસ બેચરદાસ પારેખ જૈન દર્શનના અને ભારતીય સંસ્કૃતિનાં અજોડ પંડિતવર્ય હતા. ભારતીય સંસ્કૃતિ પર કરવામાં આવતા ગુપ્ત પ્રહારોને તેઓએ વર્ષો પહેલા પોતાની છઠ્ઠી ઈન્દ્રિયના બળે સૂંઘી લીધા હતા. અને તેનો પર્દાફાશ કર્યો હતો. તેમણે અંગ્રેજોની ભેદી ચાલો અને કૂટનીતિઓ વિશે ઘણું લખ્યું છે. તેમની બતાવેલી રાહે જ ‘વિનિયોગ પરિવાર’ આદિ સંસ્થાઓ ભારતીય સંસ્કૃતિની સેવા કરી રહી છે.

જૈન દર્શનના પ્રારંભિક ગ્રંથોમાંથી પ્રભુદાસ ભાઈએ ‘પંચ પ્રતિક્રમણ સૂત્ર’, ‘૧-૬ કર્મગ્રંથ’, ‘તત્વાર્થસૂત્ર’, ‘સમકિતના સડસઠ બોલની સજઝાય’ વગેરે ગ્રંથો ઉપર વિસ્તૃત વિવેચન કર્યુ છે.



# પ. પંડિતવર્ય બેચરદાસ જીવરાજ દોશી

પંડિતવર્ય બેચરદાસ જીવરાજ દોશીએ જૈન આગમોની વિશિષ્ટ ભાષા 'પ્રાકૃત'ના અભ્યાસ માટે 'પ્રાકૃત માર્ગોપદેશિકા'નું સર્જન કર્યું છે. કોઈપણ અભ્યાસુને પ્રાકૃત ભાષાનો અભ્યાસ કરવો હોય તો આ પુસ્તક વગર ચાલે તેમ નથી. તેમણે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય દ્વારા રચિત 'સિદ્ધહેમશબ્દાનુશાસન'નું સરળ વિવેચન કર્યું છે. જે 'યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ-ગુજરાત રાજય' દ્વારા પ્રકાશિત થયું છે. અને તેની અનેક આવૃત્તિઓ છપાઈ છે. જે તેની લોકપ્રિયતાનો પુરાવો છે. આ સિવાય તેમણે 'સન્મતિ તર્ક પ્રકરણ', 'વિયાહપન્નતિ સૂત્ર', 'કથાકોશ પ્રકરણ' વગેરે અનેક ગ્રંથોનું સંપાદન કર્યું છે.










# જૈન દર્શનનાં ગ્રંથોનાં અનુવાદ તથા ઈતિહાસ, કોશ, સ્થાપત્ય, ચિત્રકળા સંબંધી ગ્રંથોનું સર્જન

દરેક ધર્મ-દર્શનનાં સાહિત્યમાં ઈતિહાસગ્રંથો, કોશ ગ્રંથો વગેરેનું ખૂબ જ મૂલ્ય હોય છે. સાથે સાથે સ્થાપત્ય, ચિત્રકળા, મંત્ર-તંત્ર વગેરે અનેક વિષયોના ગ્રંથો પણ તે ધર્મના સાહિત્યને મૂલ્યવાન બનાવે છે.

ચાલો...જૈન ધર્મ સંબંધી આવા વિશિષ્ટ સાહિત્યનું સર્જન કરનારા શ્રાવકરત્નોને જાણીએ.




# જૈન દર્શનનાં ગ્રંથોનાં અનુવાદ તથા ઈતિહાસ, કોશ, સ્થાપત્ય, ચિત્રકળા સંબંધી ગ્રંથોનું સર્જન

## ૧. પ્રોફેસર હીરાલાલ રસિકદાસ કાપડિયા

ગણિત વિષયના રસને કારણે જૈન ગ્રંથો અને આગમોનો અભ્યાસ કરનાર શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયાએ જૈન શ્રુત સાહિત્યની જે અપૂર્વસેવા કરી છે, તેની કોઈ તુલના થઈ શકે તેમ નથી. તેમણે ‘જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ-ભાગ ૧-૩નું સંપાદન કરીને એક ઐતિહાસિક ગ્રંથનું સર્જન કર્યુ છે. તેમણે ‘હરિભદ્રસૂરિ’, ‘યશોદહન’ અને ‘વિનય સૌરભ’-આ ત્રણ ગ્રંથો દ્વારા પૂ.આ. હરિભદ્રસૂરિ મહારાજ, મહોપાધ્યાય યશોવિજયજી અને મહોપાધ્યાય વિનયવિજયજી મહારાજના જીવન અને સાહિત્યસેવાનો વિસ્તૃત પરિચય આપ્યો છે. તે સિવાય તેમણે ‘આર્હતદર્શન દીપિકા’, ‘ચતુર્વિંશતિ પ્રબન્ધ-ગુજરાતી અનુવાદ’, ‘સ્તુતિ ચતુર્વિંશતિકા’, ‘તત્વાર્થાધિગમ સૂત્ર’, ‘વૈરાગ્યરસમંજરી’, ‘આગમોનું દિગ્દર્શન‘, ‘આર્હત આગમોનું અવલોકન’, ‘જૈન દર્શનનું તુલનાત્મક દિગ્દર્શન’, ‘પાઈય ભાષાઓ અને સાહિત્ય’, ‘પ્રિયંકરનૃપ કથા’ વગેરે અનેક ગ્રંથો અને પુસ્તકોનું સંપાદન કર્યુ છે. તેમણે લખેલા લેખોની સંખ્યા ૮૦૦થી વધુ છે.






# ૨. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

મોતીચંદ ગિરધરલાલ કાપડિયા એક પ્રબુદ્ધ જૈન શ્રાવક હતા. જેમણે જૈન સાહિત્યની સેવામાં આપેલો ફાળો મહત્વપૂર્ણ કહી શકાય તેવો છે. તેઓ 'મહાવીર જૈન વિદ્યાલય'ના સેક્રેટરી હતા. તથા તેમણે 'મહાવીર જૈન વિદ્યાલય'ના નેજા હેઠળ 'આગમ પ્રકાશન સીરીઝ'નો પ્રારંભ કર્યો હતો. આગમ પ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજીએ તથા મુનિશ્રી જંબુવિજયજીએ સંપાદિત કરેલા આગમો આ સીરીઝમાં પ્રકાશિત થયા હતા. તેમણે 'ઉપમિતિ ભવપ્રપંચા કથા' જેવા વિશાળ ગ્રંથનો ગુજરાતી અનુવાદ કર્યો હતો. તે સિવાય 'શાંતસુધારસ', 'અધ્યાત્મકલ્પદ્રુમ', 'પ્રશમરતિ', 'આનંદઘન ચોવિશી', 'આનંદઘનજીના પદો' વગેરે ગ્રંથો પર તેમણે વિસ્તૃત વિવેચન લખ્યું છે. તેમણે 'ઉપમિતિ' ગ્રંથના કર્તા શ્રી સિદ્ધર્ષિ મહારાજના જીવન વિશે વિસ્તૃત પ્રકાશ પાથરતો 'સિદ્ધર્ષિ' ગ્રંથ લખ્યો છે. તે જ રીતે 'શેઠ મોતીશાહ' પુસ્તકમાં પાલીતાણામાં આવેલી મોતીશાની ટૂંકના નિર્માતા મોતીશા શેઠના જીવનને આલેખ્યું છે. તેમણે યોગ અને કર્મ વિશેની જૈન માન્યતાઓ-સિદ્ધાંતોની સમજણ આપતા બે પુસ્તકો 'જૈન દ્રષ્ટિએ યોગ' અને 'જૈન દ્રષ્ટિએ કર્મ'નું પણ સર્જન કર્યું હતું.




# જૈન દર્શનનાં ગ્રંથોનાં અનુવાદ તથા ઈતિહાસ, કોશ, સ્થાપત્ય, ચિત્રકળા સંબંધી ગ્રંથોનું સર્જન

## ૩. મોહનલાલ દલીચંદ દેસાઈ

છેલ્લા ૫૦૦-૬૦૦ વર્ષમાં રચાયેલા જૈન ગૂર્જર સાહિત્યનું પ્રમાણ અત્યંત વિશાળ છે. આ વિશાળ ગૂર્જર સાહિત્યની મહાન સેવા જો કોઈએ કરી હોય તો તે છે મોહનલાલ દલીચંદ દેસાઈ. ગુજરાતી ભાષામાં કાવ્ય સાહિત્યની રચના કરનારા જૈન કવિઓની સંખ્યા સેંકડોમાં છે. તે બધાની વિગતવાર માહિતી મેળવવી હોય તો 'જૈન ગૂર્જર કવિઓ' ગ્રંથ હાથમાં લેવો પડે. આ ગંથનું સંપાદન મોહનલાલ દેસાઈએ કરેલું છે. આ ગ્રંથ ૧૦ ભાગમાં છે. આ સિવાય તેમણે 'જેન ઐતિહાસિક રાસમાલા', 'જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય', 'ગૂર્જર સાહિત્ય સંગ્રહ', 'જૈન કાવ્ય પ્રવેશ' વગેરે ગ્રંથોનું સંપાદન કરેલું છે. તેમણે જૈન સાહિત્યના ઈતિહાસ સંબંધી બે ગ્રંથો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' અને 'જૈન અને બૌદ્ધમત સંક્ષિપ્ત ઈતિહાસ અને સિદ્ધાંતો' નું સર્જન કર્યુ છે.






# ૪. મધુસૂદન ઢાંકી

શ્રી મધુસૂદન ઢાંકીનું નામ જૈન અને ભારતીય શિલ્પ-સ્થાપત્યના વિષયમાં ટોચના વિદ્વાન તરીકે દેશ-વિદેશમાં જાણીતું છે. તેમણે કરેલા સંશોધનોને કોઈ પડકાર કરી શકે તેમ નથી. જૈન શિલ્પો અને સ્થાપત્ય વિશે સંશોધન કરીને તેમણે જૈન શાસનની અતુલ્ય સેવા કરી છે. તેમણે 'નિર્ગ્રંથ ઐતિહાસિક લેખ સમુચ્ચય ખંડ ૧-૨', 'સાહિત્ય, શિલ્પ અને સ્થાપત્યમાં ગિરનાર, 'Aspects of jainology vol-1-3, Temples in kumbhariya, studies in nirgrantha art and architecture', 'Huthecsing heritage : The jain temple at ahmedabad', 'Encyclopedia of indian tempaearchi tecture વગેરે ગ્રંથોનું સર્જન કર્યુ છે.






# ૫. સારાભાઈ મણિલાલ નવાબ

ચિત્રકળાની દ્રષ્ટિએ જૈન હસ્તપ્રતો ખૂબ જ મુલ્યવાન છે. સારાભાઈ મણિલાલ નવાબે જૈન હસ્તપ્રતોની કલાત્મકતા અને ચિત્રકળાનો તથા જૈન મંત્રશાસ્ત્રોના ગ્રંથોનો વિશ્વને પરિચય કરાવ્યો છે. તેમણે પ્રાચીન હસ્તપ્રતોમાંથી સંકલન કરીને ઘણા ગ્રંથો ચિત્રો સહિત પ્રકાશિત કરાવ્યા છે, તેમણે 'ષડાવશ્યક બાલાવબોધ' (૧૪૭ ચિત્રો સહિત) 'ભારતના જૈન તીર્થો અને તેનું શિલ્પ-સ્થાપત્ય', જૈન ચિત્ર કલ્પલતા', 'જૈન ચિત્ર કલ્પદ્રુમ ભાગ ૧-૨', વગેરે ગ્રંથો સંપાદિત કર્યા છે. જૈન મંત્રશાસ્ત્ર સંબંધી તેમણે જે ગ્રંથો પ્રકાશિત કર્યા તેમાં 'સર્વ સિદ્ધિદાયક નમસ્કાર મહામંત્ર આરાધના, 'વિવિધ કલ્પસંગ્રહ', 'ભૈરવ પદ્માવતી કલ્પ,' 'ઘંટાકર્ણ-મણિભદ્ર મંત્ર તંત્ર કલ્પાદિ સંગ્રહ', 'મહાપ્રભાવિક નવસ્મરણ', 'પદ્માવતી ઉપાસના (સચિત્ર)' વગેરે ગ્રંથો મુખ્ય છે. આ સિવાય સારાભાઈ મણિલાલ નવાબે 'મહાવીરપ્રભુ-શ્રી કલ્પસૂત્રનાં વર્ણન અને ચિત્રાનુસાર', 'શ્રીપાલ કથા મંજરી' , 'સંગીત નાટ્ય રૂપાવલી', 'સામુદ્રિકતિલકમ્' વગેરે ગ્રંથો પ્રકાશિત કરાવ્યા છે.



# સંસ્કૃત, પ્રાકૃત અને ગૂર્જર સાહિત્યનું સંપાદન

જૈન શ્વેતાંબર પરંપરામાં થયેલા શ્રમણ ભગવંતોએ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી વગેરે ભાષાઓમાં પ્રકરણગ્રંથો, ચરિત્રગ્રંથો વગેરે અનેક પ્રકારના ગ્રંથોનું સર્જન કર્યુ છે. આ બધા ગ્રંથોને વ્યવસ્થિત પદ્ધતિથી સંપાદન કરીને પ્રકાશિત કરવામાં શ્રાવકોએ શું ફાળો આપ્યો છે તે જોઈએ.





# ૧. ભોગીલાલ સાંડેસરા

ભોગીલાલ સાંડેસરાએ મુનિ શ્રી પુણ્યવિજયજી, મુનિ જિનવિજયજી વગેરે જૈન વિદ્વાનોના સંપર્કમાં રહીને જૈન સાહિત્યના સંપાદન સંશોધન ક્ષેત્રે બહુમૂલ્ય કાર્ય કર્યુ છે. તેઓએ 'મહારાજા સયાજીરાવ ગાયકવાડ : ઓરિએન્ટલ સિરિઝ'માં અનેક ગ્રંથરત્નોનું પ્રકાશન કર્યુ છે. તેમણે 'વસુદેવહિંડી (અનુવાદ)', 'ઉત્તરાધ્યયન સૂત્ર (અનુવાદ)', 'પંચતંત્ર', 'પંચાખ્યાન બાલાવબોધ', 'પ્રાચીન ફાગુ સંગ્રહ', 'મહામાત્ય વસ્તુપાલનું વિદ્યામંડળ અને બીજા લેખો', 'જિનવિજય મુનિ', 'વલ્લભસૂરિ સ્મારક ગ્રંથ' વગેરે ગ્રંથોનું સંપાદન કર્યુ હતું.



# ૨. સી.ડી. દલાલ

સંસ્કૃત, પ્રાકૃત અને ગૂર્જર સાહિત્યની સાથે હસ્તપ્રતવિદ્યાના વિદ્વાન શ્રી સી.ડી.દલાલે 'ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ' દ્વારા અનેક સાહિત્યિક ગ્રંથોનું સંપાદન કર્યુ હતું. તેમણે જેસલમેરના જૈન હસ્તપ્રત ભંડારોનું સૂચીપત્ર તૈયાર કર્યુ હતું. જે 'જેસલમેર જૈન ભાણ્ડારીય ગ્રન્થાનાં સૂચિપત્રમ્' આ નામથી સેન્ટ્રલ લાયબ્રેરી દ્વારા પ્રકાશિત થયું છે. તેમણે 'વસન્તવિલાસમહાકાવ્યમ્', 'ભવિસયત્તકથા', 'હમ્મીરમદમર્દનમ્', 'રૂપષટકમ્', 'ઉદયસુંદરીકથા', 'નરનારાયણાનન્દમહાકાવ્યમ્', 'પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ ભાગ ૧-૨' વગેરે ગ્રંથોનું સંપાદન કર્યુ છે.



# ૩. અમૃતલાલ મોહનલાલ ભોજક

અમૃતલાલ મોહનલાલ ભોજક મુનિ પુણ્યવિજયજીની સાથે રહીને પ્રાચીન હસ્તપ્રતોની લિપિને ઉકેલતા જ પ્રાકૃત ભાષા તથા પ્રાચીન ગ્રંથોના સંપાદન-સંશોધનની વિદ્યા શીખી ગયા હતા. તેમણે મુનિ પુણ્યવિજયજીના સંપાદન-સંશોધન કાર્યમાં અખંડ નિષ્ઠાથી સહાયક તરીકેની ભૂમિકા વર્ષો સુધી નિભાવી હતી.

તેમણે 'આચારાંગ સૂત્ર', 'નંદિસૂત્ર-અણુઓગહારાઈ, 'પણ્ણવણાસુત્તં', 'પઈણ્ણયસૂત્તાઈ', 'મૂળશુદ્ધિ-પ્રકરણમ્', 'ચઉપન્નમહાપુરિસચરિયં', 'દાનાદિપ્રકરણમ્' વગેરે અનેક ગ્રંથોનું સહાયક રૂપે અથવા સ્વતંત્ર રૂપે સંપાદન કર્યું છે.



# ૪. હરિવલ્લભ ભાયાણી

હરિવલ્લભ ભાયાણીએ 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર', 'પ્રાકૃત ગ્રંથ પરિષદ', પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન' વગેરે અનેક લબ્ધપ્રતિષ્ઠ સંસ્થાઓ સાથે સંકળાયેલા રહીને વ્યાકરણ-છંદ, સાહિત્ય, કોશ વગેરે અનેક વિષયોના ગ્રંથોનું સંપાદન કર્યુ છે.

તેમણે વ્યાકરણ અને છંદના વિષયમાં 'છંદોનું શાસન', 'અપભ્રંશ વ્યાકરણ', 'ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ', 'શબ્દચર્ચા' વિગેરે ગ્રંથો સંપાદિત કર્યા છે. સાહિત્યના વિષયમાં તેમણે 'સંખિત્તતરંગવઈ કહા', 'રિટ્ઠણેમિચરિઉ', 'સણુત્તુકુમાર ચરિત્ત', 'શિલોપદેશમાલા', 'તારાયણો', 'તરંગવતી', 'મુકતકમંજરી', 'દોહાપાહુડં', 'મદનમોહના', 'રત્નચૂડ રાસ', 'મધ્યકાલીન ગુજરાતી કથાકોશ', 'રાસ સાહિત્ય', 'ગાથામંજરી' વગેરે અનેક અમૂલ્ય ગ્રંથોનું જહેમતથી સંપાદન કર્યુ છે.





# ૫. જયંત કોઠારી

શ્રી જયંત કોઠારી એ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સંપાદન કરવાની સાથે તે સંબંધી સંદર્ભ કોશોની પણ રચના કરી છે. તેમણે ‘આરામશોભા રાસમાલા’, ‘ભારતીય કાવ્યસિદ્ધાંત’, ‘જયંતસૂરિની છ કાવ્યકૃતિઓ’, ‘યશોગ્રંથમંગલપ્રશસ્તિ સંગ્રહ’, ‘યશોવિજયજી મહારાજ વિરચિત પ્રકાશિત ગ્રંથોની સૂચિ’, ‘ગુજરાતી સાહિત્યકોશ’, ‘મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય’, ‘મધ્યકાલીન ગુજરાતી કોશ’ વગેરે ગ્રંથો સંપાદિત કર્યા છે.





# ૬. નગીન જી. શાહ

'લાલભાઈ દલપતભાઈ ભારતીય સાહિત્ય મંદિર'ના માધ્યમથી નગીન જી. શાહે અનેક દાર્શનિક ગ્રંથોનું સંપાદન કર્યુ છે. તેમણે જૈન દર્શન અને ભારતીય દર્શનો પર સ્વતંત્ર ચિંતન કરીને અનેક પુસ્તકો આપણને આપ્યા છે. તેમણે 'જૈન દર્શન અને સાંખ્યયોગમાં જ્ઞાનદર્શન વિચારણા', 'જૈન દર્શનમાં શ્રદ્ધા', 'ગ્રંથીભેદ યાને આત્માનો પ્રાથમિક પુરૂષાર્થ ક્રમ', 'ષડ્‌દર્શન', 'પ્રમાણમીમાંસા', 'જૈન દર્શન', 'અધ્યાત્મબિન્દુ', 'ભારતીય તત્ત્વજ્ઞાન : કેટલીક સમસ્યાઓ' વગેરે ગ્રંથો લખ્યા છે. તેમણે અનેક જૈન દર્શન સંબંધિ સંદર્ભગ્રંથોનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.



# વિવિધ વિષયના લોકભોગ્ય પુસ્તકોનું સર્જન


દરેક જિજ્ઞાસુ વ્યક્તિ સંસ્કૃત-પ્રાકૃત વગેરે ભાષાઓમાં રચેલા ગહન શાસ્ત્રગ્રંથોનો અભ્યાસ  કરી શકતા નથી. તેમને માટે પ્રાદેશિક ભાષામાં સરલ સમજાવટ સાથેના પુસ્તકો ઉપલબ્ધ હોય તો ઘણા ઉપયોગી થઈ શકે. ગુજરાતી ભાષામાં અને સરલ શૈલીમાં જૈન ધર્મ વિશે જ્ઞાન આપે તેવા પુસ્તકોનું સર્જન કરવામાં શ્રાવકોનું શું યોગદાન છે તે હવે જાણો.

# ૧. ધીરજલાલ ટોકરશી શાહ

ધીરજલાલ ટોકરશી શાહે પોતાના જીવનકાળ દરમ્યાન અનેકવાર શતાવધાનના પ્રયોગો કર્યા હતા. તેમણે લખેલા પુસ્તકોમાં ઘણું વિષય વૈવિધ્ય છે. તેમણે મંત્રસાધના વિશે મંત્ર વિજ્ઞાન, મંત્ર દિવાકર, મંત્ર ચિંતામણી, નમસ્કાર મહિમા, નમસ્કાર મંત્ર સિદ્ધિ, ૐકાર ઉપાસના, હ્રીંકાર ઉપાસના, અર્હંમંત્રોપાસના, લોગસ્સ મહાસૂત્ર, ઉવસ્સગ્ગહરં સ્તોત્ર, જપ ધ્યાન રહસ્ય વગેરે પુસ્તકો લખ્યા છે. તેમણે અનેક જીવનચરિત્રો લખ્યા છે. તેમાં રિખવદેવ, વિશ્વવંદ્ય પ્રભુ મહાવીરદેવ, બપ્પભટ્ટસૂરિ, યશોવિજયજી, વિજયાનન્દસૂરિ, મુનિરાજ અગત્સ્ય, વિમળશાહ, દાનવીર જગડૂશાહ, દશ ઉપાસકો વગેરે પુસ્તકો મુખ્ય છે. તેમના જૈનધર્મ વિષયક-જૈન ધર્મ પરિચય, જૈન તત્ત્વપ્રવેશિકા, આત્મતત્ત્વવિચાર, જિનોપાસના વગેરે પુસ્તકો ઘણાં વખણાયા છે. તેમણે 'જૈન શિક્ષાવલિ'ના નામથી બાળકોને બોધદાયક પુસ્તકોની એક શ્રેણિનું સર્જન કર્યુ છે.

# ૨. રતિલાલ દીપચંદ દેસાઈ

રતિલાલ દીપચંદ દેસાઈએ લખેલા 'સમયદર્શી આચાર્ય વલ્લભસૂરિ', 'સિદ્ધિસૂરીશ્વરજી જીવનચરિત્ર',નંદનસૂરિ સ્મારક ગ્રંથ', 'ગુરૂ ગૌતમસ્વામી' વગેરે પુસ્તકો પ્રસિદ્ધ છે. તેમણે તીર્થોના ઈતિહાસને વર્ણવતા 'આણંદજી કલ્યાણજી પેઢીનો ઈતિહાસ', 'રાણકપુર', 'ભદ્રેશ્વર-વસઈ મહાતીર્થ', 'સિમંધરસ્વામિ જિનપ્રાસાદ અને તીર્થનો પરિચય' વગેરે પુસ્તકો લખ્યા છે. તે સિવાય તેમણે રાગ અને વિરાગ, સમર્પણનો જય, અમૃત સમીપે, કલ્યાણમૂર્તિ વગેરે પુસ્તકોનું સર્જન કર્યુ છે. તેમણે લખેલા લેખોનું સંકલન 'જિનમાર્ગનું જતન' અને 'જિનમાર્ગનું અનુશીલન' આ બે પુસ્તકોમાં પ્રગટ થયું છે.



# ૩. ખૂબચંદ કેશવલાલ પારેખ

મૂળ વાવના રહેવાસી ખૂબચંદ કેશવલાલ પારેખ આજીવન જૈન તત્ત્વજ્ઞાનના ઉપાસક રહ્યા છે. તેમણે પ.પૂ.આ.ભ.શ્રીમદ્વિજય રામસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી રાજસ્થાનની સિરોહી પાઠશાળામાં આજીવન અધ્યાપન કાર્ય કર્યુ છે. જૈન તત્ત્વજ્ઞાનનો ઉંડાણથી અભ્યાસ કરીને તેમણે ગુજરાતીમાં 'જૈનદર્શનનો કર્મવાદ', 'જૈનદર્શનમાં ઉપયોગ', 'જૈનદર્શનનું પદાર્થવિજ્ઞાન', 'જૈન દર્શનમાં અણુવિજ્ઞાન', 'જૈનદર્શનના અણુવિજ્ઞાનની મહત્તા', 'સૃષ્ટિમીમાંસા, 'કર્મમીમાંસા', 'મૂર્તિપૂજા', 'આત્મવિજ્ઞાન', 'આત્મસ્વરૂપ વિચાર', 'અંતર્જગતની ચેતના', 'ભકિત મુકિતની દૂર્તિ', વગેરે અમૂલ્ય પુસ્તકોનું સર્જન કર્યુ છે. જૈન દર્શનનો વ્યવસ્થિત અભ્યાસ કરનારને આ ગુજરાતી પુસ્તકો અત્યંત ઉપયોગી થાય તેમ છે.

# ૪. વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ મોરખીયા

સરળ, સચોટ ભાષામાં અને અનુભૂતિપૂર્વકના ચિંતનલેખો લખનારા શ્રાવકનું નામ છે ‘વસંતલાલ કાંતિલાલ’. તેમના દરેક લેખોમાં વાચકને જીવનનું ભાથું મળી રહે છે. તેમની અનેક નાની નાની પુસ્તિકાઓ ભિન્ન ભિન્ન પ્રકાશકો દ્વારા પ્રગટ થઈ છે. તેમાંના કેટલાક નામો આ પ્રમાણે છે. ‘જીવન જીવવા જેવું છે.’, ‘જૈનધર્મ પૂર્ણવિજ્ઞાન’, ‘ચિંતનયાત્રા’, ‘ચિત્તપ્રસન્નતા’, જીવનવૈભવ, ઉત્પત્તિ અને લય, મંત્રાધિરાજ, જીવન શિલ્પ, સાપેક્ષવાદ, આનંદઘન, દેવાધિદેવ, આગ અને આંસુ, મધુવન, શ્રમણ અને સુંદરી, સંસાર, સ્વાનુભૂતિ, જ્ઞાનસાર, તૃષ્ણા અને તૃપ્તિ, ધર્મચક્ર વગેરે. આ બધી પુસ્તિકાઓની લોકપ્રિયતાના કારણે ‘વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ ગ્રંથાવલિ ભાગ ૧-૨’ આ બે પુસ્તકોમાં તેનો સંગ્રહ પ્રગટ થયો છે.

# ૫. રમણલાલ ચી. શાહ

રમણલાલ ચી. શાહે જૈન ધર્મના અનેક વિષયો પર પ્રકાશ પાથરતાં પુસ્તકોનું સર્જન કર્યું છે. તેમણે 'મુંબઈ જૈન યુવક સંઘ' સાથે જોડાયેલા રહીને 'પ્રબુદ્ધ જીવન' માસિકમાં અનેક વિષયો પર પોતાની કલમ ચલાવી છે. તેમના લખેલા પુસ્તકોમાં 'ગૂર્જર ફાગુ સાહિત્ય', અધ્યાત્મસાર', 'ઉત્તરાધ્યયન સૂત્ર પરિશીલન', 'જિનતત્ત્વ', 'જિનવચન', 'જંબુસ્વામીરાસ', 'ધન્ના શાલિભદ્ર ચોપાઈ', 'નળદમયંતી પ્રબંધ', 'નમો તિત્થસ્સ' વગેરેનો સમાવેશ થાય છે. તેમણે અંતિમ શતાબ્દિમાં થયેલા અનેક ગુરૂભગવંતોના જીવનચરિત્રો તથા જીવનલેખો લખ્યા છે. જેમાં 'શાસનસમ્રાટ જીવન પરિચય', આગમોદ્ધાકરસૂરિ', 'પ્રભાવક સ્થવિરો' વગેરે પુસ્તકોનો સમાવેશ થાય છે.



# દેશ વિદેશમાં જૈન ધર્મ અને સાહિત્યનો પ્રચાર–પ્રસાર

વિદેશોમાં વસતા જૈનો સુધી જૈન ધર્મના માહાત્મ્ય-ઈતિહાસ તથા જૈન તત્ત્વજ્ઞાનને પહોંચાડવાનું કાર્ય કરનારા કેટલાક શ્રાવકરત્નોની માહિતી આ વિભાગમાં પ્રસ્તુત કરવામાં આવી છે.



# દેશ વિદેશમાં જૈન ધર્મ અને સાહિત્યનો પ્રચાર-પ્રસાર

## ૧. વીરચંદ રાઘવજી ગાંધી



શ્રી વીરચંદ રાઘવજી ગાંધી ભારતની બહાર જૈન ધર્મના કદાચ સર્વપ્રથમ પ્રચારક હતા. ઈ.સ. ૧૮૯૩માં ચિકાગોમાં યોજાયેલી વિશ્વધર્મપરિષદમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે વકતવ્યો આપ્યા હતા. માત્ર ૩૭ વર્ષના ટૂંકા આયુષ્યમાં શત્રુંજય, સમેતશિખર વગેરે તીર્થોની રક્ષાના કાર્યો કરવાની સાથે તેમણે જૈન દર્શન અને ભારતીયદર્શન વિશે અનેક પ્રવચનો આપ્યા હતા. તેમના પ્રકાશિત થયેલા પુસ્તકોમાં The Jaina Philosophy, Karma Philosophy, Yoga Philosophy, The Systems of Indian Philosophy,, Religion and Philosophy of Jaina વગેરે પુસ્તકો નોંધપાત્ર છે. તેમણે શુભચંદ્રાચાર્ય વિરચિત 'જ્ઞાનાર્ણવ' ગ્રંથના ધ્યાનવિશેના પ્રકારણનો અનુવાદ કરીને 'સવીર્ય ધ્યાન' નામથી છપાવ્યો હતો. તેમના જીવન વિશે પ્રકાશિત થયેલા બે પુસ્તકોના નામ આ પ્રમાણે છે.

(1) Glimpses of Janism and Biography of forgotton Hero : Shri Virchand Raghavji Gandhi, (2) ભારતીય સંસ્કૃતિનો આત્મા (શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનું ચરિત્ર) આ સિવાય તેમણે "an unknown life of jesus Christ નામના ગ્રંથનો ફ્રેંચમાંથી અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો.



# દેશ વિદેશમાં જૈન ધર્મ અને સાહિત્યનો પ્રચાર–પ્રસાર



## ૨. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

વયોવૃદ્ધ પંડિતવર્ય શ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા છેલ્લા ૪૦ વર્ષોથી દર વર્ષે છ મહિના માટે અમેરિકા જઈને  ત્યાં જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાન નો પ્રચાર-પ્રસાર કરવાનું કાર્ય કરે છે. તેઓ જયારે ભારતમાં હોય ત્યારે દર અઠવાડિયે વિદેશમાં રહેતા જૈનોને સેટેલાઈટ કોલ દ્વારા સંબોધિત કરે છે, તથા જૈન તત્ત્વજ્ઞાનના કલાસ લે છે. તેમણે અનેક મહત્ત્વપૂર્ણ ગ્રંથો પર વિવેચન કર્યું છે. જેમાં સન્મતિ પ્રકારણ, રત્નાકરાવતારિકા, ગણધરવાદ, યોગશતક, જ્ઞાનસાર, યોગદ્રષ્ટિ સમુચ્ચય, યોગવિંશીકા, યોગસાર, તત્ત્વાર્થસૂત્ર, દ્રવ્યગુણપર્યાયનો રાસ, સમ્યક્ત્વષટ્સ્થાન ચઉપઈ, સમ્યક્ત્વના સડસઠ બોલની સજઝાય, આઠ દ્રષ્ટિની સજઝાય વગેરેનો સમાવેશ થાય છે. તેમણે લખેલા પ્રારંભિક અભ્યાસના પુસ્તકોમાં ‘જૈન તત્ત્વજ્ઞાનપ્રકાશ’, ‘જૈન ધર્મના મૌલિક સિદ્ધાંતો’, ‘જૈન ધાર્મિક પ્રશ્નોત્તરમાલા’, ‘જૈન ધાર્મિક પરિભાષિક શબ્દકોશ’ વગેરેનો સમાવેશ થાય છે.



# ૩. સુનંદાબહેન વોરા

જૈન તત્ત્વજ્ઞાનના વિદ્વાન જ્ઞાતા સુનંદાબહેન વોરા વર્ષોથી વિદેશોમાં વસતા જૈનોને જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરાવવાનું કાર્ય કરે છે. તેમણે અનેક વિષયો પર પોતાની કલમ ચલાવી છે તથા પુસ્તકોનું પ્રકાશન કાર્ય કર્યુ છે. જેમાં 'જીવતત્ત્વનું પરિજ્ઞાન', 'નવતત્ત્વનો સરળ પરિચય', 'ભવાંતનો ઉપાય-સામાયિક યોગ', 'અનંતનો આનંદ, 'કલ્પસૂત્ર કથાસાર', 'ધ્યાન એક પરિશીલન', 'જૈન સૈદ્ધાંતિક શબ્દ પરિચય' વગેરે પુસ્તકો મુખ્ય છે.



# ૪. પદ્મશ્રી કુમારપાળ દેસાઈ



જૈન ધર્મના વર્તમાન પ્રચારકોમાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને પ્રથમ પંક્તિમાં મૂકી શકાય. ડૉ. કુમારપાળ દેસાઈ એ જૈન ધર્મના માહાત્મ્ય તથા ઈતિહાસને વર્ણવતાં અનેક પુસ્તકો લખ્યા છે. તેઓ વર્તમાનપત્રોમાં નિરંતર જૈન ધર્મ સંબંધી લેખો લખતા રહે છે. જૈન ધર્મના પ્રચાર માટે દેશ-વિદેશમાં તેમના પ્રવચનોનું આયોજન થાય છે. કારણકે તેઓ જૈનધર્મના ઉંડા અભ્યાસી હોવા ઉપરાંત ઓજસ્વી વકતા પણ છે. તેઓ વર્લ્ડ જૈન કોન્ફેડરેશન, વિશ્વકોશ ટ્રસ્ટ વગેરે સંસ્થાઓ સાથે જોડાયેલા છે. જૈન ધર્મના વિશ્વપ્રચારક શ્રી વીરચંદ રાઘવજી ગાંધીના પુસ્તકોને તેમણે પુનઃપ્રકાશિત કરાવ્યા છે.



# ૫. ડૉ. જીતુભાઈ બી. શાહ

ડૉ. જીતુભાઈ શાહ જૈનદર્શન તથા ભારતીય દર્શનોના ઉંડા અભ્યાસી છે. તેમણે પોતાનું સંપૂર્ણ જીવન જૈન તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે સમર્પિત કર્યું છે. તેઓ અત્યારે અમદાવાદ સ્થિત 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંકૃતિ વિદ્યામંદિર' તથા દિલ્લી સ્થિત 'ભોગીલાલ લહેરચંદ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ના ડાયરેકટરપદે કાર્યરત છે. તે સિવાય તેઓ 'શ્રુતરત્નાકર', 'શ્રુતનિધિ', શારદાબેન ચીમનભાઈ એજયુકેશનલ રિસર્ચ સેન્ટર' વગેરે સંસ્થાઓ સાથે પણ જોડાયેલા છે. આ બધી સંસ્થાઓ જૈન તત્ત્વજ્ઞાનના પ્રસાર માટૈ વર્તમાનમાં કાર્યરત છે. ડૉ. જીતુભાઈએ જૈન દર્શન તથા સાહિત્યના અનેક ગ્રંથોનું સંપાદન કર્યું છે તથા કરી રહ્યા છે. તેઓ દર વર્ષે 'તત્ત્વાર્થસૂત્ર'ના અધ્યયન માટે દસ દિવસીય શિબિરનું આયોજન કરે છે. તે સિવાય 'ઉપમિતિભવપ્રપંચા કથા' તથા 'સમ્યક્ત્ત્વના સડસઠ બોલની સજઝાય' ના અધ્યયન માટે ત્રણ-ત્રણ દિવસની શિબિરનું પણ આયોજન કરે છે.

# ઉપસંહાર

આ રીતે આપણે જોયું કે જૈન ધર્મ સંબંધી દરેક પ્રકારનું સાહિત્યનું સર્જન-સંપાદન-પ્રકાશન કરવામાં શ્રાવકોએ ઘણો પરિશ્રમ કર્યો છે. અહીં જે શ્રાવકરત્નોનો પરિચય આપવામાં આવ્યો તે સિવાય પણ ત્રિભુવનલાલ લહેરચંદ શાહ, અમૃતલાલ કાળીદાસ દોશી, રતિલાલ મફાભાઈ શાહ, મનસુખભાઈ કીરતચંદ મહેતા, લાલચંદ ભગવાનદાસ ગાંધી, અંબાલાલ પ્રેમચંદ, દલસુખભાઈ માલવણિયા, મોહનલાલ મહેતા, કાંતિભાઈ બી. શાહ, ડૉ. કવિન શાહ, રમણિક શાહ વગેરે શ્રાવકોએ શ્રુતક્ષેત્રે અમૂલ્ય ફાળો આપ્યો છે.

આ દરેક શ્રાવકો ગૃહસ્થ હતા. પોતાના પરિવાર આદિ જવાબદારીને વહન કરવાની સાથે તેમણે આ બધું કાર્ય કરી બતાવ્યું છે.

આપણે જો પૂર્વ પૂરૂષોએ રચેલા ગ્રંથો-શ્રુતસાહિત્યનું સંશોધન-સંપાદન અથવા નવા શ્રુત સાહિત્યનું સર્જન ન કરી શકીએ તો કમસે કમ તેમણે રચેલા સાહિત્યનું અભ્યાસ-વાંચન તો કરી જ શકીએ.

તમારે જો જૈન ધર્મનું પ્રારંભિક જ્ઞાન કરાવી આપે તેવા પુસ્તકોનું વાંચન કરવું હોય, પણ તે માટે કયા પુસ્તકો ઉપયોગી થશે તે બાબતે મૂંઝવણ અનુભવતા હોવ તો તમારા માટે ખુશ ખબર છે...

# વાંચન આંદોલન

## રીડર્સ ગાઈડ

પરમ પૂજ્ય તપાગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)ના શિષ્યરત્ન આ.ભ.શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે ‘‘વાંચન આંદોલન : રીડર્સ ગાઈડ’’નું સંપાદન કર્યુ છે અને ‘ગોવાલિયાટેંક જૈન સંઘ’ તથા ‘આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા’ ના સંયુક્ત ઉપક્રમે આ પુસ્તક પ્રકાશિત થયું છે.




પ્રસ્તુત પુસ્તક ‘વાંચન આંદોલન : રીડર્સ ગાઈડ’ના સર્જન પાછળ બે આશય છે...

૧) વાંચન પ્રત્યે અરૂચિ ધરાવનારાઓમાં વાંચન પ્રત્યે રૂચિ પેદા કરવી.

૨) વાંચકોને તેમની રૂચિને અનુકૂળ ઉત્તમ સાહિત્યનું માર્ગદર્શન આપવું.

આ બે આશયથી જ પ્રસ્તુત પુસ્તક લખાયું છે.

આ પુસ્તકમાં મુખ્ય ૨૬ વિષય સંબંધી કુલ ૪૫૦ પુસ્તકોનો પરિચય આપવામાં આવ્યો છે. આ પુસ્તકના માધ્યમથી જિજ્ઞાસુ શ્રાવકો પોતાના ઈચ્છિત વિષયના સરળ પુસ્તકોની જાણકારી મેળવી શકે છે.

ચાલો...આપણે શ્રુતક્ષેત્રે કંઈક અમૂલ્ય યોગદાન ન આપી શકીએ તો કમસેકમ પ્રભુશાસનના શ્રુતસાહિત્યને વાંચીએ, સમજીએ અને આત્મવિકાસના માર્ગે આગળ વધીએ.